ગાંધીનગર સમાચાર

પેથાપુર મહુડી માર્ગ પર વેલી પર બ્રીજ બાંધવાનુ કામ શરૂ





રાગ-રંગ - ગીત-સંગ - ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત દ્વિદિવસીય શિશિરોત્સવના મંગલાચરણે ભારતીય વિદ્યાભવન મુંબઈના કલાકારો દ્વારા રાગ-રંગ - ગીત-સંગ કાર્યક્રમને ભાવકોએ મનભરીને માણ્યો હતો... વિવિધ રાગો આધારિત ગીતોની રજૂઆત અદ્દભૂત રીતે પ્રસ્તુત કરાઈ હતી. **(તસવીર : દિપક જાની)**

# આજથી શરૂ થતુ વિધાનસભાનું અંદાજપત્ર સત્ર તોફાની બની રહે તેવી સંભાવના

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. વિપક્ષ કોંગ્રેસ આક્રમક વિપક્ષની ભૂમિકા નીભાવવાની વ્યૂહરચના ઘડી હોઈ આ સત્ર તોફાની બની રહે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. બરાબર ૧૨ વાગે રાજ્યપાલશ્રીના સંબોધનથી આ સત્રનો પ્રારંભ થશે.

આવતીકાલથી વિધાનસભાનું અંદાજપત્ર શરૂ થઈ રહ્યું છે ત્યારે આ સત્ર દરમ્યાન રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટે વિપક્ષ કોંગ્રેસ દ્વારા આક્રમક વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ વિપક્ષ કોંગ્રેસ આ સત્ર દરમ્યાન પાટીદારો પર થયેલા પોલીસ દમન, પાટીદાર યુવાનો સાથે થયેલા પોલીસ કેસો અનામતનો મુદ્દો કાયદો અને વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ, સહીતના મુદ્દાઓને ઉઠાવીને રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટેની આક્રમક વિપક્ષની ભૂમિકા

● અનુસંધાન પાન-૭ પર

## વિધાનસભાના સત્રને અનુલક્ષી આજથી ચાંપતો પોલીસ બન્દોબસ્ત

ગાંધીનગર તા ૨૧

આજથી શરૂ થતા વિધાનસભાના સત્રને અનુલક્ષી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે શહેરમાં ચાંપતો પાલીસ બન્દોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. વિધાનસભાના આ સત્રને અનુલક્ષી જિલ્લા પોલીસ વડાના સુપરવિઝન હેઠળ ૩ ડી વાય એસ પી, ૯ પી આઈ, ૩૦ પી એસ આઈ, ૨૦૦ પોલીસ જવાનો, ૩ કંપની એસ આર પી, બોમ્બ ડિસ્પોઝિબસ સ્કોવાર્ડ, ૨૦ મહીલા પોલીસ તેમજ ૨૫ ટ્રાફિક પોલીસના જવાનોનો બન્દોબસ્તમાં સામેલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત એલ સી બી અને એસ ઓ જીના પોલીસ અધિકારીઓ પણ વાહન ચેકીંગ સહીત પેટ્રોલીંગ કરશે.

# પેથાપુર નગરપાલિકામાં ૭૫.૧૫ ટકા વિક્રમી મતદાન

**૪૯ ઉમેદવારોના ભાવિ મતપેટીમાં બંધ : વહેલી સવારથી જ મતદારો સ્વયંભુ રીતે મતદાન માટે ઉમટ્યા : વિજય માટે બન્ને પક્ષના દાવા : મંગળવારે સવારે ૯ વાગે મતગણતરી હાથ ધરાશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની આજે યોજાયેલ ચૂંટણીમાં ૭૫.૧૫ ટકા વિક્રમી મતદાન નોંધાતા રાજકીય નિરીક્ષકો ચોંકી ઉઠ્યા છે. ગત સામાન્ય ચૂંટણી કરતાં આ ચૂંટણીમાં ૧૦ ટકા જેટલુ વધારે મતદાન નોંધાયું છે.

પેથાપુર નગરપાલિકાની ૨૪ બેઠકો માટે આજે યોજાયેલ મતદાનમાં મતદારો સ્વયંભુ રીતે બહાર આવ્યા હતા અને સવારથી જ ભારે મતદાન થશે તેવા સંકેતો મળતાં રાજકીય આગેવાનો સતર્ક બની ગયા હતા.

પેથાપુર નગરપાલિકાની આ સામાન્ય ચૂંટણીમાં ગત સામાન્ય ચૂંટણી કરતાં ૧૦ ટકા મતદાન વધુ નોંધાતા મુકાબલો તીવ્ર રસાકસી ભર્યો બનશે તેવા સંકેતો મળી રહ્યા છે. મંગળવારે સવારે સે. ૧૫ની કોમર્સ કોલેજ ખાતે આ ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવશે.

આજે યોજાયેલ સામાન્ય ચૂંટણીના મતદાનમાં સૌથી વધુ મતદાન વોર્ડ નં. ૧ માં નોંધાયું છે. જ્યાં ૮૦.૯૨ ટકા જેટલુ મતદાન થયું છે. આ વોર્ડમાં નવ ઉમેદવારો મેદાનમાં હતા. એક અપક્ષ ઉપરાંત ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો વચ્ચેનો આ જંગ રસપ્રદ બનશે તેમ મનાઈ રહ્યું છે.

સૌથી ઓછુ મતદાન વોર્ડ નં. ૪માં ૬૯ ટકા નોંધાયું છે. વોર્ડ નં.

● અનુસંધાન પાન-૭ પર

# પેથાપુર મહુડી માર્ગ પર વેલી પર બ્રીજ બાંધવાનુ કામ શરૂ

ગાંધીનગર તા ૨૧

પેથાપુર મહુડી માર્ગને સિકસલેન બનાવવાની કામગીરી પૂર્ણતાના આરે છે. ત્યારે રૂટમાં આવતી વેલી પર બ્રીજ બાંધવાનુ કામ ચાલી રહયુ છે. જેના પરિણામે ટ્રાફિકની અવરજવર બંધ કરી દેવામાં આવી છે.આવા સંજોગોમાં ટ્રાફિકને ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. જયારે વિજાપુર જવાના માર્ગ પર વૃક્ષો કાપવાનુ કામ બાકી હોવાથી કામગીરીમાં વિલંબ ઉભો થયો છે.

**ટ્રાફિક ડાયવર્ટ કરાયો : મહુડી વિજાપુર માર્ગને પણ અપગ્રેડ કરવાના કામમાં પણ ઝડપ આવશે**

પ્રવાસન પથ તરિકે ઓળખાતા પેથાપુર મહુડી માર્ગને સિકસલેન

● અનુસંધાન પાન-૭ પર

## પલ્સ પોલિયો અભિયાનના બીજા રાઉન્ડમાં ભારે પ્રતિસાદ

**ગ્રામ્ય વિસ્તારમાં ૯૨ ટકા અને શહેરી વિસ્તારમાં ૭૦ ટકા બુથ કવરેજ નોંધાયું : બાકીના બે દિવસમાં તમામ બાળકોને આવરી લેવાશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આજે પલ્સ પોલિયો અભિયાનના બીજા રાઉન્ડમાં લોકોનો ભારે પ્રતિસાદ સાંપડતા તંત્રના ઉત્સાહમાં વધારો થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં બુથ કવરેજ ૯૨ ટકા નોંધાયું છે જ્યારે શહેરી વિસ્તારમાં પ્રથમ રાઉન્ડ કરતાં બે ટકા વધુ અર્થાત ૬૯ ટકાની સામે ૭૦ ટકા કવરેજ નોંધાયું છે.

શહેરી વિસ્તારમાં મળેલા સારા પ્રતિસાદને લઈ તંત્રના ઉત્સાહમાં

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપો દ્વારા અક્ષરધામ પાસે કન્ટ્રોલ પોઈન્ટ શરૂ કરાયો

ગાંધીનગર તા ૨૧

શહેરમાં એસ ટી બસ સેવાના રૂટને અપગ્રેડ કરવામાં આવ્યો છે. જયારે સ્થાનિક મુસાફરોને અપડાઉનમાં કોઈ હાલાકી ન વેઠવી પડે તે માટે અક્ષરધામ ખાતે બંધ કન્ટ્રોલ પોઈન્ટ શરૂ કરી દેવામાં આવ્યો છે. અક્ષરધામ પાસે મુસાફરોની અવરજવર વધુ રહેતી હોવાથી બસના રૂટ તેમજ સંચાલન માટે અલાયદા કન્ટ્રોલ પોઈન્ટની વ્યવસ્થા કરી દેવામાં આવી છે.

સલામત સવારી એસ ટી અમારીના સુત્રને સાર્થક કરવા માટે એસ ટી ડેપો દ્વારા થોડા સમય અગાઉ જ એસ ટી ના ડ્રાઈવરોને માર્ગ સલામતી અંગે જાગૃત કરવા માટે તાલીમ આપવામાં આવી હતી. જયારે સરખેજ રૂટમાં ટ્રાફિક વધુ રહેતો હોવાથી તંત્ર દ્વારા વધારાની નવી મીની બસો પણ શરૂ કરી દેવામાં આવી છે. જેના પરિણામે સેકટરવાસીઓને સરખેજ તરફ જવામાં સરળતા રહે છે. બીજીતરફ શહેરમાં એસ ટી ડેપો દ્વારા બે ઠેકાણે કન્ટ્રોલ પોઈન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં સે-૨૮-૨૯ પાસે પણ મુસાફરોને સુવિધા મળી રહે તે માટે કન્ટ્રોલ પોઈન્ટ શરૂ કરી દેવામાં આવ્યો છે. જયારે અક્ષરધામ પાસે લાંબા સમયથી બંધ કન્ટ્રોલ પોઈન્ટને શરૂ કરવા પણ ડેપો કક્ષાએ લાંબા સમયથી વિચારણા હાથ ધરવામાં આવી હતી જેના અંતે ડેપો દ્વારા આ બંધ કન્ટ્રોલ પોઈન્ટ શરૂ કરી દેવાતા મુસાફરોને રાહત થઈ છે. જેમાં મોટાભાગે અક્ષરધામ આવતા બહારના મુલાકાતીઓને પણ બસોના રૂટની અવરજવર અંગે માહીતી મળી રહે છે. અક્ષરધામમાં રોજબરોજ હજારો મુલાકાતીઓની અવરજવર રહેતી હોવાથી આ વિસ્તારમાં ડેપો દ્વારા કન્ટ્રોલ પોઈન્ટ શરૂ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે.

**મુસાફરોને બસોના રૂટ અંગેની માહીતી મળી રહે તે માટે બંધ કન્ટ્રોલ પોઈન્ટ શરૂ કરાયો**







Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com